# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## પરમિશન અરજી (આઈ.ટી.) નં.૨/૨૦૧૩

**<u>વિષય :આંક–૯ ની અરજીનો હુકમ</u>**

**આ કામે સામાવાળા કામદારે આ અરજી કરી તેઓને અરજદાર સંસ્થા ધ્વારા ચુકવવા પાત્ર થતા જીવનનિર્વાહ ભથ્થુ(સબસીસ્ટન્સ એલાઉન્સ) બંધ કરેલ હોય, સંસ્થાએ જોગવાઈઓનો ભંગ કરેલ હોય પોતે રક્ષિત (પ્રોટેકટેડ) કામદાર હોઈ તેમને છુટા કરતી વખતે પરમિશન મેળવવી જરૂરી છે તથા પરમિશન ન મળે ત્યાં સુધી ૭૫% જીવનનિર્વાહ ભથ્થુ ચુકવવું ફરજીયાત છે તેવી રજુઆત કરી હાલની અરજી કરી અરજદાર તેમને જીવનનિર્વાહ ભથ્થુ ચુકવવા વિકલ્પે આ પરમિશન અરજી રદ થવા પાત્ર હોવાનું જાહેર કરવા તથા મુળ જગ્યાએ પુરેપુરા પગાર સહિત પુનઃસ્થાપિત કરવા અરજી આપેલ છે.**

**જે સામે અરજદાર સંસ્થા તરફથી આંક–૧૦ થી જવાબ રજુ કરેલ છે. તેમની તકરાર મુજબ અરજદારની અરજીની હકીકતો સાચી નથી અને કાનૂની જોગવાઈ મુજબ તથા આઈ.ડી. એકટની જોગવાઈ મુજબ જયારે રક્ષિત (પ્રોટેકટેડ) કામદાર હોય ત્યારે જ તેને છુટા કરતી વખતે પરમિશન મેળવવાની જરૂરી હોય છે અને જીવનનિર્વાહ ભથ્થુ ૭૫% ચુકવવું ફરજીયાત હોવાની હકીકતનો પણ ઈન્કાર કરેલ છે તથા અરજદારની માહિતી મુજબ સામાવાળા કામદાર દુર્ગા સીન્થેટીકસ મુકામે કામ કરતા હોય તેમની સંસ્થા કરતા વધુ પગાર મેળવતા હોવાનું જણાવેલ તે કારણોથી જીવનનિર્વાહ ભથ્થુ બંધ કરવામાં આવેલ હોવાનું જણાવેલ. અરજદાર સંસ્થા આવું જીવનનિર્વાહ ભથ્થુ ચુકવવા જવાબદાર નથી તથા આ પ્રકારની દાદ ટ્રીબ્યુનલ અપાવી શકે નહી તેવી રજુઆત કરી અરજી રદ કરવા જણાવેલ છે.**

**બંને પક્ષોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા. સામાવાળા કામદાર તરફથી અરજી સંબંધિત હકીકત જણાવી સુપ્રિમ કોર્ટના ૧૯૮૬ ના જજમેન્ટ ઉપર આધાર રાખી જણાવેલ છે કે, જયારે રક્ષિત કામદાર હોય ત્યારે તેને સસ્પેન્શન પીરીયડમાં જીવનનિર્વાહ ભથ્થુ ચુકવવું જોઈએ. જે કેસમાં કામદારને સસ્પેન્ડ કરવામાં આવે અને પરવાનગી અને એપ્રુવલ માંગતી અરજી કલમ–૩૩(૩) નીચે ફાઈલે કરવામાં આવેલ. જે રદ થયેલ પરંતુ સસ્પેન્શન અને પેન્ડીંગ કલમ–૩૩(૩) ની અરજી દરમ્યાન કોઈ ભથ્થુ ચુકવવામાં આવેલ નહી. વર્કમેન કામદાર પોતાનો બચાવ કરી શકેલ નહી. તેથી મેનેજમેન્ટે ફરીથી અરજી દાખલ કરવા માર્ગદર્શન આપી કામદારને બેકવેજીસ સાથે પરત લેવાનો હુકમ કરેલ. જે સંસ્થાના વિધ્વાન વકીલશ્રીની રજુઆત મુજબ આ જજમેન્ટ અરજીનો આખરી નિર્ણય કરતી**

વખતે તે નિર્ણયના ઉપરની અપીલમાં આપવામાં આવેલ છે. કોઈ વચગાળાના તબકકે આ જીવનનિર્વાહ ભથ્થુ આપવાનો હુકમ થયેલ નથી. વધુમાં કામદાર રક્ષિત કામદાર છે કે કેમ ? તે પણ મુદ્દો જયારે ટ્રીબ્યુનલ સમક્ષ પુરવાર થયેલ ન હોય ત્યારે ટ્રીબ્યુનલ પુરાવા લીધા સિવાય આ પ્રકારનો હુકમ કરી શકે નહી અને જો આખરી તબકકે એવી એપ્રુવલ થાય તો અદાલત તેને આખરી તબકકે પણ આ જીવનનિર્વાહ ભથ્થુ અપાવી શકે.

ઉપરોકત રજુઆતો અને હકીકતો ધ્યાને લેતા નામ. સુપ્રિમ કોર્ટની ઓથોરીટી મુજબ પણ જીવનનિર્વાહ ભથ્થુ રક્ષિત કામદારને મળી શકે છે. જે હાલના કેસમાં હજુ પુરવાર થવાનું બાકી છે તથા સંસ્થાએ પણ એપ્રિલ–૨૦૧૪ સુધી ભથ્થુ ચુકવેલ છે. ત્યારબાદ કામદાર બીજી જગ્યાએ કામ કરતા હોવાની માહિતી મળતા તે બંધ કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થા પણ બંધ થઈ ગયેલ છે. આ બધી હકીકતો ધ્યાને લેતા મારા અભિપ્રાય મુજબ જીવનનિર્વાહ ભથ્થુ પુરાવાના અંતે આખરી તબકકે જો યોગ્ય જણાય તો આ કોર્ટ આપી શકે છે. તે રીતે અરજીનો આખરી નિકાલ કરતી વખતે આ મુદ્દો ધ્યાને લઈ આ તબકકે અરજી ફાઈલે કરવાથી ન્યાયનો હેતુ જળવાશે એવો મારો અભિપ્રાય હોય આ અરજી આ તબકકે ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ રજુઆતો અને રેકર્ડ ધ્યાને લેતા મારા અભિપ્રાય મુજબ હાલની આ અરજી આ તબકકે નામંજુર કરવી યોગ્ય અને જરૂરી જણાય છે. જેથી આ અરજી સંબંધે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

–: <u>હુકમ</u> :–

(૧) પ્રથમ પક્ષકારની હાલની આ અરજી રદ કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ આખરી હુકમને અનુસરશે.

સ્થળ : સુરત.
તારીખ : ૧૧/૦૮/૨૦૨૩.

(એચ.એ. શાહ)
સભ્ય,
ઔધોગિક અદાલત, સુરત.